# ECONOMICS

**PAPER-II**
**SEPT/13/10**

Name & Signature of the Invigilator

ICR Answer Sheet No. :

Roll No. :

Roll Number in words :

**Time : 1.15 Minutes]** **No. of Printed Pages : 20** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of fifty (50) multiple choice type questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પચાસ (૫૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૂર્ણ અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર – ૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## ECONOMICS
## PAPER-II

## અર્થશાસ્ત્ર
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. Marshallian demand analysis assumes that the marginal utility of money is :

   (A) Diminishing

   (B) Increasing

   (C) Constant

   (D) Infinite

2. Scale in production function of a firm is defined by :

   (A) investment in equipment in a service providing firm

   (B) size of permanent staff in the firm

   (C) a non-zero factor 'K' by which all the factors are changed

   (D) investment in plant, machinery and land

1. માર્શલીયન માંગ વિશ્લેષણ એવી ધારણા કરે છે કે, નાણાંનો સીમાંત તુષ્ટિગુણ :

   (A) ઘટતો જતો

   (B) વધતો જતો

   (C) અમળ

   (D) અનંત

   હોય છે.

2. પેઢીના ઉત્પાદન વિધેયમાં 'કદવિસ્તાર' ની વ્યાખ્યા :

   (A) સેવા પૂરી પાડતી પેઢી દ્વારા સાધનોમાં મૂડીરોકાણ

   (B) પેઢીમાં કાયમી સ્ટાફનું કદ

   (C) એક શૂન્યેતર સહગુણક 'K' જે પ્રમાણમાં તમામ ઉત્પાદન સાધનો બદલાય છે

   (D) પ્લાન્ટ, મશીનરી અને જમીનમાં મૂડીરોકાણ

3. While market demand may have elasticity less than unity, the demand curve faced by a competitive firm is infinity, because :

(A) the firm has no control on elasticity

(B) the firm has no control on price

(C) the firm has no control on production

(D) the firm has no control on buyers

4. Opportunity cost means :

(A) Cost of best opportunity foregone

(B) Cost of all opportunities foregone

(C) Cost of availed opportunity

(D) Cost of possible opportunity

5. If demand curve is a rectangular hyperbola (unit elasticity), marginal revenue curve would be :

(A) Constant at some value K > 0

(B) A parallel rectangular hyperbola

(C) Coincident with X-axis (showing quantity)

(D) Coincident with Y-axis (showing revenue)

3. જ્યારે બજારમાંગની મૂલ્યસાપેક્ષતા એક કરતા ઓછી હોય ત્યારે એક હરીફ પેઢીનો માંગ વક્ર અનંત હોય છે કારણ કે :

(A) પેઢીનો મૂલ્યસાપેક્ષતા પર અંકુશ નથી

(B) પેઢીનો કિંમત પર અંકુશ નથી

(C) પેઢીનો ઉત્પાદન પર અંકુશ નથી

(D) પેઢીનો ખરીદનારાઓ પર અંકુશ નથી

4. વૈકલ્પિક ખર્ચ એટલે :

(A) છોડી દીધેલી શ્રેષ્ઠ તકનો ખર્ચ

(B) છોડી દીધેલી તમામ તકોનો ખર્ચ

(C) વાપરેલી તકનો ખર્ચ

(D) શક્ય તકનો ખર્ચ

5. જો માંગનો વક્ર લંબચોરસ પરવલય (એકમ મૂલ્યસાપેક્ષ) હોય તો, સીમાંત આમદાની વક્ર :

(A) કોઈક કિંમત K > O માટે અચળ

(B) એક સમાંતર લંબચોરસ પરવલય

(C) જથ્થો દર્શાવતી X-ધરી સાથે એકરૂપ

(D) આમદાની દર્શાવતી Y-ધરી સાથે એકરૂપ

6. The best optimum level of output for the pure monopolist is obtained, when :

(A) MR = SMC

(B) P = SMC

(C) P = lowest SAC

(D) P is the highest

7. In both the Chamberlin and the kinked demand curve models, the oligopolists :

(A) Recognise their interdependence

(B) Do not collude

(C) Tend to keep prices constant

(D) All of the above

8. The basic difference between Classical and the Keynesian model lies in the assumption of :

(A) Rigid money wages

(B) Supply of money

(C) Both (A) and (B)

(D) Rigid profit

9. Stagflation means :

(A) high inflation

(B) low inflation

(C) stagnant unemployment

(D) inflation combined with unemployment

6. શુદ્ધ ઈજારદાર માટે ઈષ્ટતમ ઉત્પાદન સ્તર ત્યારે મળે છે કે જયારે :

(A) MR = SMC

(B) P = SMC

(C) P = ન્યૂનતમ SAC

(D) P સૌથી વધુ છે

7. ચેમ્બલીન અને ખાંચાવાળા માંગના વક્રના મોડેલોમાં, અલ્પહસ્તક ઈજારદાર :

(A) પોતાની આંતરઆધારીતતા જાણે છે

(B) ગુપ્ત સમજૂતી કરતા નથી

(C) કિંમતોને અચળ રાખવાનું વલણ ધરાવે છે

(D) ઉપરના તમામ

8. પ્રશિષ્ટ અને કેઈન્સના મોડલ વચ્ચે મુખ્ય તફાવત :

(A) જડ નાણાંકીય વેતનદર

(B) નાણાંનો પૂરવઠો

(C) (A) અને (B) બંને

(D) જડ નફો

ની ધારણામાં છે.

9. મંદીમિશ્રિત ફુગાવો એટલે :

(A) ઊંચો ફુગાવો

(B) નીચો ફુગાવો

(C) સ્થગિત બેરોજગારી

(D) બેરોજગારી સહિતનો ફુગાવો

10. The new symbol for the Indian Rupee is :

(A) £

(B) ₨

(C) ₹

(D) ¥

11. An increase in government expenditure will :

(A) Shift the LM and IS curves to the right

(B) Shift the LM curve to the left and IS curve to the right

(C) Shift only LM curve to the right

(D) Shift only IS curve to the right

12. Fisher's quantity theory of money assumes :

(A) Velocity of circulation of money undergoes changes in the short run

(B) Supply of money is independent of factors affecting demand for money

(C) Output is determined by money supply

(D) Money supply is determined by output

10. ભારતીય રૂપિયાનું નવું ચિન્હ :

(A) £

(B) ₨

(C) ₹

(D) ¥

11. સરકારી ખર્ચમાં વધારો થવાને કારણે :

(A) LM અને IS વક્રો જમણી બાજુ ખસશે

(B) LM વક્ર ડાબી બાજુ અને IS વક્ર જમણી બાજુ ખસશે

(C) માત્ર LM વક્ર જમણી બાજુ ખસશે

(D) માત્ર IS વક્ર જમણી બાજુ ખસશે

12. ફિશરનો નાણાં પરિમાણનો સિદ્ધાંત એ ધારણા કરે છે કે :

(A) ટૂંકાગાળામાં નાણાંનો ચલણવેગ ફેરફાર પામે છે

(B) નાણાંનો પૂરવઠો નાણાંની માંગને અસર કરતાં પરિબળોથી સ્વતંત્ર છે

(C) ઉત્પાદન નાણાંના પૂરવઠા દ્વારા નિર્ધારિત થાય છે

(D) નાણાંનો પૂરવઠો ઉત્પાદન દ્વારા નિર્ધારિત થાય છે

13. "The transactions demand for money is not only a function of income, but also of interest rate." This has been propounded by :

(A) Baumol and Tobin

(B) Keynes and Baumol

(C) Tobin and Keynes

(D) Friedman and Duesenberry

14. 'The interaction between multiplier and accelerator can lead to regular cycles in demand.' This was demonstrated by :

(A) Hicks

(B) Kaldor

(C) Friedman

(D) Samuelson

15. In the development theory dualism basically refers to :

(A) gender based inequalities in the economy

(B) agrarian and industrial development in the economy

(C) rural-urban dichotomy in the economy

(D) economic and social divisions in the economy

13. ''વિનિમય હેતુ માટેની નાણાંની માંગ માત્ર આવક નહીં પરંતુ વ્યાજ ઉપર પણ આધાર રાખે છે'' આવું મંતવ્ય :

(A) બોમલ અને ટોબીન

(B) કેઈન્સ અને બોમલ

(C) ટોબીન અને કેઈન્સ

(D) ફ્રિડમેન અને ડ્યુસનબરી

દ્વારા અપાયું છે.

14. 'ગુણક અને ગતિવર્ધક વચ્ચેની આંતરક્રિયા નિયમિત ચક્રીય માંગ તરફ દોરી જાય છે' આમ :

(A) હીક્સે

(B) કાલ્ડોરે

(C) ફ્રિડમેને

(D) સેમ્યુલસને

દર્શાવ્યું હતું.

15. વિકાસના સિદ્ધાંતમાં, દ્વૈતવાદ મૂળભૂત રીતે :

(A) અર્થતંત્રમાં લિંગઆધારિત અસમાનતા

(B) અર્થતંત્રમાં કૃષિ અને ઔદ્યોગિક વિકાસ

(C) અર્થતંત્રમાં ગ્રામ્ય–શહેરી દ્વિભાજન

(D) અર્થતંત્રમાં આર્થિક અને સામાજિક વિભાજન

દર્શાવે છે.

16. A Lewis Model of Development is applicable to an economy, where there is :

(A) abundance of capital

(B) labour surplus

(C) technical progress

(D) rapid population growth

17. Who of the following did propose the theory of unbalanced growth ?

(A) Amartya Sen

(B) H. Leibenstein

(C) Hans Singer

(D) Albert Hirschman

18. Which of the following pairs of 'term' and 'institution/agency' is *incorrect* ?

(A) Millennium Goals : World Bank and The UN

(B) Human Development Index : UNDP

(C) International Longevity Index : WHO

(D) Corruption Index : Transparency International

16. એક અર્થતંત્રમાં લુઈસનું વિકાસ અંગેનું મોડેલ ઉપયોગી છે કે જ્યાં :

(A) મૂડીની વિપુલતા

(B) અધિ:શેષ શ્રમ

(C) ટેકનીકલ પ્રગતિ

(D) ઝડપી વસ્તી વૃદ્ધિ

છે.

17. અસમતુલ વૃદ્ધિનો સિદ્ધાંત નીચેનામાંથી કોણે આપ્યો ?

(A) અમર્ત્ય સેન

(B) એચ. લીબેનસ્ટેઈન

(C) હાન્સ સીંગર

(D) આલ્બર્ટ હર્શમેન

18. 'પદ' અને 'સંસ્થા/એજન્સી' ના નીચે આપેલા જોડકામાંથી કયું ખોટું છે ?

(A) સહસ્ત્રાબ્દિ ઉદ્દેશો : વિશ્વ બેન્ક અને UN

(B) માનવ વિકાસ આંક : UNDP

(C) આંતરરાષ્ટ્રીય આવરદા આંક : WHO

(D) ભ્રષ્ટાચાર આંક : ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ

19. The development theories given by Ricardo, Karl Marx and Arthur Lewis assumes ........................ elasticity of labour supply.

(A) Zero

(B) Infinite

(C) Negative

(D) Unitary

20. Which of the following developmental theories assumes that 'shocks' and 'stimulants' propels the process of the economic development ?

(A) Critical Minimum Effort Thesis

(B) Balanced Growth Theory

(C) Unbalanced Growth Theory

(D) Golden Age Theory

21. Which are the two gaps affecting growth process of an economic system in the two-gap model of growth ?

(A) Saving and investment gaps

(B) Income and consumption gaps

(C) Foreign Exchange and Domestic Savings gaps

(D) Export and Import gaps

19. રીકાર્ડો, કાર્લ માર્કસ અને આર્થર લુઈસ દ્વારા આપવામાં આવેલા વિકાસ અંગેના સિદ્ધાંતો શ્રમ-પૂરવઠાની મૂલ્યસાપેક્ષતા ....... ધારે છે.

(A) શૂન્ય

(B) અનંત

(C) ઋણ

(D) એકમ

20. નીચેનામાંથી કયો વિકાસ અંગેનો સિદ્ધાંત એમ ધારણા કરે છે કે 'આધાતો' અને 'ઉત્તેજના' આર્થિક વિકાસની પ્રક્રિયાને ગતિ આપે છે ?

(A) ન્યૂનતમ પ્રયત્ન સિદ્ધાંત

(B) સમતુલીત વૃદ્ધિ સિદ્ધાંત

(C) અસમતુલીત વૃદ્ધિ સિદ્ધાંત

(D) સુવર્ણયુગ સિદ્ધાંત

21. વૃદ્ધિના દ્વિ-ગાળા મોડેલમાં, એક અર્થતંત્રની વૃદ્ધિ પ્રક્રિયાને અસર કરતા બે 'ગાળા' કયા છે ?

(A) બચત અને મૂડી વચ્ચેનો ગાળા

(B) આવક અને વપરાશ વચ્ચેનો ગાળા

(C) વિદેશી હુંડિયામણ અને ઘરેલુ બચત ગાળા

(D) નિકાસ અને આયાત ગાળા

22. Stabilization function is an important component of the budgetary function because :

(A) Tax and expenditure policies affect the level of economic activity

(B) Tax and expenditure policies are important instrument in maintaining economic stability

(C) Tax and expenditure policies affect aggregate demand

(D) All of the above

23. The indivisible goods, whose benefits cannot be priced and therefore, to which the principle of exclusion does not apply, are called :

(A) Pure private goods

(B) Pure public goods

(C) Non-merit goods

(D) Pure private and public goods

24. The technique of zero base budgeting was first introduced in :

(A) U.K.

(B) Australia

(C) U.S.A.

(D) Netherlands

22. સ્થિરકરણ કાર્ય એ બજેટ કાર્યનો એક અગત્યનો ઘટક છે, કારણ કે :

(A) કરવેરા અને ખર્ચ અંગેની નીતિઓ, આર્થિક પ્રવૃત્તિઓના સ્તરને અસર કરે છે

(B) કરવેરા અને ખર્ચ અંગેની નીતિઓ, આર્થિક સ્થિરતાની જાળવણી માટે અગત્યના સાધનો છે

(C) કરવેરા અને ખર્ચ અંગેની નીતિઓ, કુલ માંગને અસર કરે છે

(D) ઉપરના તમામ

23. વ્યકિતગત વસ્તુઓ, કે જેમના લાભો માટે કિંમત નકકી કરી શકાય નહીં અને તેથી તેમને 'બાકાતતા' નો સિદ્ધાંત લાગુ પડતો નથી, તેમને :

(A) શુદ્ધ ખાનગી વસ્તુઓ

(B) શુદ્ધ જાહેર વસ્તુઓ

(C) નોન-મેરીટ વસ્તુઓ

(D) શુદ્ધ ખાનગી અને જાહેર વસ્તુઓ કહે છે

24. શૂન્ય-આધાર બજેટની પદ્ધતિ સૌ પ્રથમવાર :

(A) યુ.કે.

(B) ઓસ્ટ્રેલિયા

(C) યુ.એસ.એ.

(D) નેધરલેન્ડ

માં દાખલ કરવામાં આવી હતી.

25. If interest payments are substracted from gross fiscal deficit, the remainder will be :

(A) Gross primary deficit

(B) Revenue deficit

(C) Budgetary deficit

(D) Monetized deficit

26. A mechanism for measuring physical targets achieved against money spent is known as :

(A) Surplus budget

(B) Outcome budget

(C) Deficit budget

(D) Annual budget

27. Which of the following relates to "secularly expanding size of government activity relative to national income" ?

(A) Say's law

(B) Wagner's law

(C) Fiscal decentralisation theorem

(D) Keynesian remedies to overcome depression

25. જો કુલ રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચૂકવણીને બાદ કરવામાં આવે તો શેષ ભાગ તરીકે :

(A) કુલ પ્રાથમિક ખાધ

(B) મહેસૂલી ખાધ

(C) અંદાજપત્રીય ખાધ

(D) નાણાંકીય ખાધ

રહે છે.

26. વપરાયેલા નાણાંની તુલનામાં સિદ્ધ કરાયેલા ભૌતિક લક્ષ્યાંકોના માપન માટેની પદ્ધતિને :

(A) પુરાંત બજેટ

(B) પરિણામ બજેટ

(C) ખાધ બજેટ

(D) વાર્ષિક બજેટ

કહે છે.

27. નીચેનામાંથી કયું ''રાષ્ટ્રીય આવકની સરખામણીમાં, લાંબા ગાળામાં વિસ્તરતી જતી સરકારી પ્રવૃત્તિઓના કદ'' સાથે સંબંધિત છે ?

(A) સે નો નિયમ

(B) વેગ્નરનો નિયમ

(C) રાજકોષીય વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત

(D) મંદીને હલ કરવા માટેનો કેઈન્સીયન ઉપાય

28. In calculating the buoyancy of a tax, we consider :

(A) Only automatic changes

(B) Only discretionary changes

(C) Both (A) and (B)

(D) Neither (A) nor (B)

29. The assumptions of comparative cost advantages are :

(A) Full employment

(B) Mobility of labour within the country

(C) Constant returns to scale

(D) All of the above

30. Devaluation of a domestic currency will improve the balance of payments of a country if the sum of the elasticities of demand for exports and imports is :

(A) greater than one

(B) less than one

(C) zero

(D) infinity

28. એક કરવેરાની ઉર્ધ્વઘનતા માપવા માટે, આપણે :

(A) ફક્ત સ્વયંસંચાલીત પરિવર્તનો

(B) ફક્ત વિવેકાધીન પરિવર્તનો

(C) (A) અને (B) બંને

(D) (A) કે (B) માંથી કોઈ નહીં

ને ધ્યાનમાં લઈએ છીએ.

29. તુલનાત્મક ખર્ચ લાભની ધારણાઓ :

(A) પૂર્ણ રોજગારી

(B) દેશની અંદર જ શ્રમની ગતિશીલતા

(C) સ્થિર મળતરનો નિયમ

(D) ઉપરના તમામ

છે.

30. એક દેશના ચલણના અવમૂલ્યનને પરિણામે તે દેશની લેણદેણની તુલામાં સુધારો થશે કે જો નિકાસ અને આયાતોની માંગની મૂલ્યસાપેક્ષતાઓનો સરવાળો :

(A) એક કરતાં વધુ

(B) એક કરતાં ઓછો

(C) શૂન્ય

(D) અનંત

થાય.

31. The imposition of a tariff on imports of a commodity results into :

(A) improvement in consumer surplus and producer surplus

(B) deterioration in consumer surplus and producer surplus

(C) deterioration in consumer surplus and improvement in producer surplus

(D) improvement in consumer surplus and deterioration in producer surplus

32. Deterioration in terms of trade of underdeveloped countries is associated with :

(A) Singer-Prebisch

(B) Jagdish Bhagwati

(C) Adam Smith

(D) Karl Marx

33. The formation of common market among various countries does not allow :

(A) Identical currency unit

(B) Free movement of commodities

(C) Free movement of factors of production

(D) Common external policy

31. એક વસ્તુની આયાત પર કર નાંખવાને પરિણામે :

(A) ગ્રાહક અધિ:શેષ અને ઉત્પાદક અધિ:શેષમાં સુધારો

(B) ગ્રાહક અધિ:શેષ અને ઉત્પાદક અધિ:શેષમાં ઘટાડો

(C) ગ્રાહક અધિ:શેષમાં ઘટાડો અને ઉત્પાદક અધિ:શેષમાં સુધારો

(D) ગ્રાહક અધિ:શેષમાં સુધારો અને ઉત્પાદક અધિ:શેષમાં ઘટાડો

થાય છે.

32. અલ્પવિકસિત દેશોની વ્યાપારની શરતમાં ઘટાડો :

(A) સીંગર-પ્રેબીશ

(B) જગદીશ ભગવતી

(C) આદમ સ્મીથ

(D) કાર્લ માર્ક્સ

સાથે સંબંધીત છે.

33. વિવિધ દેશો વચ્ચે સહિયારા બજારની રચનાને કારણે :

(A) એકસમાન ચલણનો એકમ

(B) વસ્તુઓ મુક્ત હેરફેર

(C) ઉત્પાદનના સાધનોની મુક્ત હેરફેર

(D) સહિયારી વિદેશ નીતિ

જોવા મળતી નથી.

34. Bretton Woods system broke down in :

(A) 1971

(B) 1991

(C) 2001

(D) 1951

34. બ્રેટનવુડઝ પ્રણાલી :

(A) ૧૯૭૧

(B) ૧૯૯૧

(C) ૨૦૦૧

(D) ૧૯૫૧

માં પડી ભાંગી હતી.

35. Heckscher-Ohlin trade theorem was first empirically verified by :

(A) W.W. Leontief

(B) Bela Balassa

(C) G.D.A. MacDougall

(D) Paul Samuelson

35. હેકશર-ઓહલીન પ્રમેયની સૌ પ્રથમ અનુભવજન્ય ચકાસણી :

(A) ડબલ્યુ. ડબલ્યુ. લીયોન્ટીફ

(B) બેલા બલાસા

(C) જી.ડી.એ. મેકડુગલ

(D) પોલ સેમ્યુઅલ્સન

દ્વારા થઈ હતી.

36. The moderation in the growth rate in India (2011-13) is primarily attributed to :

(A) Weakness in service sector

(B) Weakness in agrarian sector

(C) Weakness in industrial sector

(D) Weakness in the foreign trade sector

36. વર્ષ ૨૦૧૧–૧૩ દરમ્યાનમાં ભારતમાં વૃદ્ધિ દરનો ઘટાડો મુખ્યત્વે :

(A) સેવા ક્ષેત્રની નબળાઈ

(B) કૃષિ ક્ષેત્રની નબળાઈ

(C) ઔદ્યોગિક ક્ષેત્રની નબળાઈ

(D) વિદેશ વ્યાપાર ક્ષેત્રની નબળાઈ

ને કારણે હતો.

37. During which of the following years India experienced the highest growth rate ?

(A) 2009-10

(B) 2010-11

(C) 2011-12

(D) 2012-13

38. The Planning Commission of India has recently announced the poverty line as :

(I) Rs. 42 per day per person for urban area

(II) Rs. 26 per person per day for rural area

(III) Rs. 32 per person per day for urban area

(IV) Rs. 32 per day per person for rural area

(A) (I) and (II)

(B) (I) and (III)

(C) (II) and (III)

(D) (III) and (IV)

37. નીચેનામાંથી કયા વર્ષમાં ભારતમાં સૌથી વધુ વૃદ્ધિ દર નોંધાયો ?

(A) ૨૦૦૯-૧૦

(B) ૨૦૧૦-૧૧

(C) ૨૦૧૧-૧૨

(D) ૨૦૧૨-૧૩

38. તાજેતરમાં ભારતના આયોજન પંચે ગરીબી રેખાની જાહેરાત ......... કરી છે.

I : શહેરીવિસ્તારમાં પ્રતિદિન વ્યક્તિ દીઠ રૂા. ૪૨

II : ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિદિન વ્યક્તિ દીઠ રૂા. ૨૬

III : શહેરી વિસ્તારમાં પ્રતિદિન વ્યક્તિ દીઠ રૂા. ૩૨

IV : ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિદિન વ્યક્તિ દીઠ રૂા. ૩૨

(A) I અને II

(B) I અને III

(C) II અને III

(D) III અને IV

39. The most popular definition of sustainable development is given by :

(A) Report of Club of Rome

(B) UNDP Report

(C) Bruntland Report

(D) Global Resources Conservation Union

40. According to the Provisional Population totals Census 2011, which of the following states has the lowest Juvenile Sex Ratio both in rural and urban areas ?

(A) Uttar Pradesh

(B) Kerala

(C) Tamil Nadu

(D) Haryana

41. Which of the following is *not* a part of fiscal reforms in the Indian Economy ?

(A) Increasing Tax-GDP ratio

(B) Economy in public expenditure

(C) Controlling fiscal and revenue budgetary deficits

(D) Increasing liquidity in the economy

39. નિભાવપાત્ર વિકાસની સૌથી પ્રચલિત વ્યાખ્યા :

(A) રીપાર્ટ ઓફ કલબ ઓફ રોમ

(B) UNDP રીપોર્ટ

(C) બ્રન્ટલેન્ડ રીપોર્ટ

(D) ગ્લોબલ રીસોર્સીસ કન્સર્વેશન યુનિયન

દ્વારા આપવામાં આવી છે.

40. વર્ષ ૨૦૧૧ ની વસ્તીગણત્રીના હંગામી વસ્તી આંકડા મુજબ, નીચેનામાંથી કયા રાજયમાં, ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોમાં, સગીર જાતિ ગુણોત્તર લઘુતમ છે ?

(A) ઉત્તર પ્રદેશ

(B) કેરળ

(C) તમિલનાડુ

(D) હરિયાણા

41. ભારતીય અર્થતંત્રમાં, નીચેનામાંથી કયું રાજકોષીય સુધારાઓનો એક ભાગ નથી ?

(A) વધતો જતો કર–GDP ગુણોત્તર

(B) જાહેર ખર્ચમાં કરકસર

(C) રાજકોષીય અને મહેસૂલી અંદાજપત્રીય ખાધો પર અંકુશ

(D) અર્થતંત્રમાં પ્રવાહીતા વધારવી

42. In Indian Economy, the growth process leading to wide range of socio-economic benefits and providing equality of opportunities to all is considered as :

(A) Social justice

(B) Sustainable growth

(C) Economic reforms under globalization process

(D) Inclusive growth

43. Which one of the following is the best measure to measure rate of change ?

(A) Arithmetic mean

(B) Median

(C) Harmonic mean

(D) Geometric mean

44. The coefficient of variation is calculated as :

(A) $\frac{\sigma}{\bar{X}} \times 100$

(B) $\frac{\sigma}{M} \times 100$

(C) $\frac{\text{cov}(X, Y)}{\sigma_X \cdot \sigma_Y}$

(D) $\sqrt{\frac{1}{n} \sum (X_i - \bar{X})^2}$

42. ભારતીય અર્થતંત્રમાં, વિશાળ શ્રેણીમાં સામાજિક-આર્થિક લાભો અને તમામને તકોની સમાનતા પૂરી પાડતી વૃદ્ધિની પ્રક્રિયાને :

(A) સામાજિક ન્યાય

(B) નિભાવપાત્ર વૃદ્ધિ

(C) વૈશ્વિકરણની પ્રક્રિયા હેઠળ આર્થિક સુધારા

(D) સર્વસમાવેશક વૃદ્ધિ

ગણી શકાય.

43. ફેરફારના દરને માપવા માટે નીચેનામાંથી કયો શ્રેષ્ઠ માપદંડ છે ?

(A) મધ્યક

(B) મધ્યસ્થ

(C) સંવાદી મધ્યક

(D) ગુણોત્તર મધ્યક

44. વિચલાંકની ગણત્રી :

(A) $\frac{\sigma}{\bar{X}} \times 100$

(B) $\frac{\sigma}{M} \times 100$

(C) $\frac{\text{cov}(X, Y)}{\sigma_X \cdot \sigma_Y}$

(D) $\sqrt{\frac{1}{n} \sum (X_i - \bar{X})^2}$

દ્વારા થઈ શકે.

45. In which circumstances, one can use Poisson approximation to Binomial Distribution ?

(A) N is large and $p$ is large

(B) N is large and $p$ is very small

(C) N is small and $p$ is large

(D) N is small and $p$ is small

46. Suppose C = 75 + 0.82Y is the estimated consumption function. Then MPS is :

(A) 0.82

(B) 75

(C) 25

(D) 0.18

47. Type-I error in test of hypothesis is the :

(A) probability of accepting the null hypothesis when it is true

(B) probability of accepting the alternative hypothesis when it is true

(C) probability of rejecting the null hypothesis when it is true

(D) probability of rejecting the alternative hypothesis when it is true

45. કયા સંજોગોમાં, દ્વિપદી વિતરણની સમીપતા તરીકે પોઈસન વિતરણનો ઉપયોગ થઈ શકે ?

(A) જ્યારે N મોટો અને $p$ મોટો હોય

(B) જ્યારે N મોટો અને $p$ ઘણો નાનો હોય

(C) જ્યારે N નાનો અને $p$ મોટો હોય

(D) જ્યારે N નાનો અને $p$ નાનો હોય

46. ધારો કે C = 75 + 0.82Y આગણન કરેલુ વપરાશ વિધેય છે. તો MPS ની કિંમત :

(A) 0.82

(B) 75

(C) 25

(D) 0.18

છે.

47. પરિકલ્પના પરીક્ષણમાં પ્રથમ પ્રકારનો દોષ એટલે :

(A) જ્યારે નિરાકરણીય પરિકલ્પના સાચી હોય ત્યારે તેનો સ્વીકાર કરવાની સંભાવના

(B) જ્યારે વૈકલ્પિક પરિકલ્પના સાચી હોય ત્યારે તેનો સ્વીકાર કરવાની સંભાવના

(C) જ્યારે નિરાકરણીય પરિકલ્પના સાચી હોય ત્યારે તેનો અસ્વીકાર કરવાની સંભાવના

(D) જ્યારે વૈકલ્પિક પરિકલ્પના સાચી હોય ત્યારે તેનો અસ્વીકાર કરવાની સંભાવના

48. Method of Moving Averages is used to determine :

(A) Trend

(B) Cyclical variation

(C) Seasonal variation

(D) Random variation

49. For a normal curve, measure of skewness is :

(A) 1

(B) –1

(C) 0

(D) ½

50. To test whether fluctuations in the price of sugar and edible oil are same or not, one can use :

(A) '$t$' test

(B) F test

(C) Z test

(D) $\chi^2$ test

48. ચલિત સરેરાશ પદ્ધતિનો ઉપયોગ :

(A) વલણ

(B) ચક્રીય ફેરફારો

(C) મોસમી ફેરફારો

(D) યદૃચ્છ ફેરફારો

નિર્ધારિત કરવા માટે થાય છે.

49. એક પ્રમાણ્ય વક્ર માટે, વિષમતાનું માપ :

(A) 1

(B) –1

(C) 0

(D) ½

હોય છે.

50. ખાંડ અને ખાદ્ય તેલની કિંમતોમાં થતા ફેરફારો સરખા જ છે કે કેમ તે તપાસવા માટે, આપણે :

(A) '$t$' પરીક્ષણ

(B) F પરીક્ષણ

(C) Z પરીક્ષણ

(D) $\chi^2$ પરીક્ષણ

નો ઉપયોગ કરી શકીએ.

SEAL